### શિક્ષણ-સ્મરણ-સન્માનના સંગમ સાથે

# સંગીત-નૃત્યનો અનોખો કાર્યક્રમ ‘સ્વીટ જર્ની’

## દવે ગૃપ ટ્યુશન દ્વારા ૨૦ વર્ષની તમામ બેચના વિદ્યાર્થીઓના સ્નેહ મિલનનું આયોજન : સમાજના સાચા સેવકોના સન્માન સાથે જુના-નવા હિન્દી ફિલ્મી ગીતો અને ડાન્સ પરફોર્મન્સ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને શૈક્ષણિક જ્ઞાન પીરસતા દવે ગૃપ ટ્યુશન દ્વારા ‘સ્વીટ જર્ની’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તા. ૨જી જૂન શનિવારના રોજ ગાંધીનગરના સે. ૧૭માં ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે જેમાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક મંચ પર ભેગા કરવાથી માંડીને સમાજના સાચા સેવકોનું સન્માન, ગુરૂજનોનુ ઋણ ચુકવવા ઉપરાંત જુના-નવા હિન્દી ફિલ્મી ગીતોના મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા અને એકસ્ટ્રા ઓર્ડિનરી ડાન્સ પરફોર્મન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

‘સ્વીટ જર્ની ૧૯૯૫ ટુ...’ કાર્યક્રમ અંગે દવે ગૃપ ટ્યુશનના સંચાલક પરેશ દવેએ જણાવ્યું છે કે આ કાર્યક્રમમાં છેલ્લા ૨૦ વર્ષમાં જે વિદ્યાર્થીઓએ અમારા ટ્યુશનમાં અભ્યાસ કર્યો છે તે તમામને ટાઉનહોલની લોનમાં એકત્રિત કરી તેમની યાદગાર ક્ષણોને વાગોળવાનો લાગણીસભર પ્રયાસ કરાશે. આ કાર્યક્રમમાં કોઈ ડાયસ કે કોઈ ખુરશી-મંચ નહી હોય પરંતુ માત્ર ભૂતકાળની મીઠી યાદોના સ્મરણનો આનંદ હશે. આ સાથે આજની પેઢીના બાળકોને પોતાના મા-બાપથી માંડીનો સમાજના છેવાડાંના માનવી કે સેવકનું મહત્વ સમજાય તે માટે સમાજના વિવિધ ક્ષેત્રે પ્રેરણાદાયક સેવા આપતા સાચા સમાજસેવકોનું શાલ ઓઢાડી તથા રોકડ પુરસ્કાર આપી સન્માન કરાશે. આ સન્માન મારા જીવનમાં વિવિધ તબક્કે પ્રાપ્ત થયેલા ગુરૂઓ જેવા કે મારા વિદ્યાર્થી કાલના ગુરૂ, મારી શૈક્ષણિક કારકિર્દી જગતના પ્રથમ ગુરૂ, મારા આધ્યાત્મિક ગુરૂ તથા મને સંસ્થા સંચાલનમાં પથદર્શક બનનાર મારા મેનેજમેન્ટ ગુરૂના હસ્તે કરાશે જે મારા પર તેમના ઋણ સ્વીકારનો એક પ્રતિભાવ સમાન બની રહેશે.’ આ કાર્યક્રમમાં દરેક વયની વ્યક્તિઓને પસંદ આવે તે રીતના નવા-જુના હિન્દી ફિલ્મી ગીતોનુ સુમધુર ઓરકેસ્ટ્રા ઉપરાંત કાર્યક્રમના હાર્દ આધારિત ખાસ પ્રકારના ડાન્સ પરફોર્મન્સ યોજાશે. કાર્યક્રમમાં શહેરની તમામ શાળાઓના આચાર્યો, તમામ એજ્યુકેશન ક્લાસીસ, ટ્યુશન તેમજ કેરિયર એકેડેમીઝ, શૈક્ષણિક જગતના અગ્રણીઓ અને શહેરની તમામ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### શહેરના ખાસ પાંચ સેવકોનું સન્માન કરાશે

- સ્મશાનમાં રહી ચિતા માટે લાકડાં ગોઠવવાનું કાર્ય કરતા વિક્રમભાઈ તથા તેમનો પરિવાર
- સિવિલ હોસ્પિટલમાં ૩૦ વર્ષથી પોસ્ટમોર્ટમ પછી ડેડબોડીને સિવવાનું કામ કરતુ યુગલ ઉષાબેન-વિનોદભાઈ
- નર્મદા કેનાલમાંથી ડૂબતાને બચાવવા ઉપરાંત ડેડબોડી કાઢવાનું કાર્ય કરતા જયેશ કોટવાલ
- શહેરમાં આગ લાગવા જેવી આપત્તિમાં સેવાઓ આપતા ચીફ ફાયર ઓફિસર મહેશ મોડ
- શહેરને દરરોજ પરોઢિયે ચરેડી વૉટર વર્કસ પરથી પાણી પુરવઠો ચાલુ કરવાનું કાર્ય કરતા હર્ષદભાઈ જોષી

### રાષ્ટ્રીય મહિલા આયોગ, દિલ્હીનાં સભ્ય

# સુષ્માબેન સાહુએ સાબરમતી મધ્યસ્થ જેલમાં મહીલા કેદીઓની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૩૦

રાષ્ટ્રીય મહિલા આયોગ, દિલ્હીના સભ્ય સુષ્માબેન સાહુએ આજે સાબરમતી મધ્યસ્થ જેલમાં રહેલી મહિલા કેદીઓની મુલાકાત લીધી હતી અને જેલમાં મહિલા કેદીઓને આપવામાં આવતી સુવિધાઓની જાણકારી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગ દેશભરમાં જેલમાં રહેલી મહિલા કેદીઓની સ્થિતિ અંગે ચિંતિત છે અને તેમને માનવજીવનને છાજે તેવું સ્વમાનપૂર્ણ જીવન પ્રાપ્ત થાય તે અંગેની જરૂરી સગવડો ઉપલબ્ધ થાય તે માટે ગુજરાતની મુલાકાતે છે.

તેઓએ બહેનો માટે આપવામાં આવતી સુવિધાઓનું જાત નિરીક્ષણ કર્યું હતું. એન.જી.ઓ. દ્વારા સેનેટરી પેડ-નેપકિન બનાવવાની તાલિમ લઈને મહિલાઓ કાર્ય કરે છે અને વેતન મેળવે છે તથા સહકાર દ્વારા ચલાવવામાં આવતી કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રમાં સિવણ કામ, બ્યુટીપાર્લરમાં પણ બહેનો તાલીમ મેળવે છે. આ ઉપરાંત મહિલા કેદીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવતી રસોઈની ગુણવત્તાની ચકાસણી પણ કરી હતી. જેલની અંદર રહેલા દવાખાનામાં આપવામાં આવતી સુવિધાઓ અને મહિલાઓના સ્વાસ્થ્ય સંબંધી બાબતે જેલ અધિક્ષક અને ડૉકટર સાથે સંવાદ કર્યો હતો.

મુલાકાત દરમિયાન શ્રીમતી સાહુએ જણાવ્યું કે, અહીંથી સિવણ, બ્યુટીપાર્લરની તાલીમ પ્રાપ્ત કરીને જેલમાંથી બહાર નીકળ્યા બાદ બહેનોને યોગ્ય વેતન મળે અને સ્વમાનભેર જીવન જીવી શકે તેવી પ્રવૃત્તિઓ જેલપ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવે તે માટે તેમણે ઉપસ્થિત અધિકારીઓને સૂચના આપી હતી. રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય શ્રીમતી શાહુ સાથે ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયા પણ સાથે હાજર રહ્યા હતા.

# નિવૃત્ત સેના જવાનોની લીકર પરમીટ બંધ કરાતાં ભારે આક્રોશ



## રાજ્યના ગૃહ મંત્રાલયે અઢી માસથી કોઈપણ નવી લીકર પરમીટ ઈશ્યૂ કે જૂની લીકર પરમીટ રીન્યૂ કરી નથી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા નિવૃત્ત સેનાના જવાનોના છેલ્લા અઢી માસથી ગુજરાત સરકારે હેલ્થ પરમીટ પર મળતા લીકર ઉપર સંપૂર્ણ ફુલ સ્ટોપ મુકી દિધુ છે. સરકારના ગૃહ વિભાગે અઢી માસથી કોઈપણ નવા લીકર પરમીટ કે જૂના પરમીટ રીન્યુઅલ ન કરતા નિવૃત્ત સેના જવાનો સચિવાલય દોડી આવ્યા હતા અને ગૃહમંત્રીને મળી આવેદનપત્ર આપી તુરંત હેલ્થ પરમીટ પરના પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે તેવી માંગ કરી છે.

કેન્દ્રીય રક્ષા મંત્રાલય દ્વારા નિવૃત્ત અને કાર્યરત સેના જવાનો માટે તેમના સ્વાસ્થ્યને લઈ લીકર પરમીટ આપવામાં આવે છે. નિવૃત્ત કે કાર્યરત સેનાના જવાનોને ડ્રાય સ્ટેટને બાદ કરતા કોઈપણ સ્ટેટમાં લીકર માટે કોઈ મુશ્કેલી થતી નથી પરંતુ ગુજરાતમાં સંપૂર્ણ દારૂબંધી હોવાને કારણે ગુજરાતમાં લીકર માટે વિશેષપણે કેન્દ્રના રક્ષા મંત્રાલયે ગુજરાતમાં રહેતા નિવૃત્ત સેના જવાનો માટે લીકર પરમીટની જોગવાઈ કરી છે. વર્ષોથી ગુજરાતમાં રહેતા નિવૃત્ત સેના જવાનોને નિયમિત હેલ્થ પરમીટ પર લીકર મળતુ હતુ પરંતુ ગુજરાત રાજ્યના ગૃહ મંત્રાલયે છેલ્લા અઢી માસથી લીકર પરમીટ પરની તમામ કામગીરી બંધ કરી નાખી છે. રાજ્ય ગૃહ મંત્રાલયે અઢી માસથી કોઈપણ નવા લીકર પરમીટ આપ્યા નથી કે જૂના લીકર પરમીટને રીન્યુ કર્યા નથી જેથી નિવૃત્ત સેના અધિકારીઓ આ મામલે ગૃહ મંત્રાલય સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે અને આ લીકર પરમીટનો લાભ કેન્દ્રીય રક્ષા મંત્રાલય આપે છે તો રાજ્ય ગૃહ મંત્રાલય કેવી રીતે આ નવા પરમીટ કે જૂના રીન્યુ કરવાની ના પાડે છે તે સમજાતુ નથી તેમ નિવૃત્ત જવાનો ફરિયાદ કરી રહ્યા છે. આજે ૮૦ થી પણ વધારે નિવૃત્ત સેના જવાનો પોતાની આ રજૂઆતને લઈ રાજ્યના ગૃહમંત્રીનો આવેદનપત્ર આપી તુરંત નિવૃત્ત સેના જવાનોના જૂના લીકર પરમીટ રીન્યુ કરવા અને નવા લીકર પરમીટ ઈસ્યુ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી

## એક લાખથી વધુ લોકો ઉજવણીમાં જોડાઈને યોગાસનો કરશે : જિલ્લા વહીવટી તંત્રનું આયોજન

અમદાવાદ, તા.૩૦

વિશ્વ યોગ દિવસની ઉજવણી ૨૧મી જૂને જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટર ડૉ. વિક્રાંત પાંડેએ વિશ્વ યોગ દિવસની ઉજવણીના આયોજન માટે વિવિધ વિભાગો સાથે યોજાયેલ સંકલનની બેઠકમાં જણાવ્યું હતું કે, એક લાખથી વધુ પ્રજાજનો યોગ દિવસની ઉજવણીમાં જોડાઈ યોગાસનો કરશે.

આ માટે શાળાના બાળકોને તાલીમ, શહેરના નાગરિકોને પણ યોગ અભ્યાસ મળે તે માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. વિશ્વ યોગ દિવસના અવસરે શાળાઓ, કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શહેરના નાગરિકો વધુને વધુ જોડાય તે માટે જિલ્લા વહીવટીતંત્રે સુદ્રઢ આયોજન હાથ ધર્યું છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી મેહુલભાઈ દવે, અધિક કલેક્ટરશ્રી સાગર સહિત અમદાવાદ જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જમીયતપુરાના રબારીવાસમાં બપોરે પૂળાના ઢગલામાં આગ લાગી

## ૫૦૦ જેટલા પૂળા સળગીને ખાખ થયા

ગાંધીનગર, તા.૩૦

અડાલજ નજીક આવેલા જમીયતપુરા ગામમાં રબારીવાસમાં ગઈકાલે બપોરના અરસામાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. રબારીવાસમાં એક મકાન બહાર પડેલા સૂકા પૂળામાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમને ઘટનાની જાણ થતા ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. આ આગની ઘટનામાં ૫૦૦ જેટલા પૂળા સળગીને ખાખ થઈ ગયા હતા. સદભાગ્યે કોઈ જાનહાની કે મોટી માલહાની થવા પામી ન હતી.

# ગોવા ખાતે આયોજિત લીઓ મલ્ટીપલ કન્વેશનમાં ગાંધીનગર લીયો જોડાઈ



ગુજરાતની લીયો મલ્ટીપલ સંસ્થાનું ત્રિદિવસીય કન્વેન્શન ગોવામાં યોજાયું હતું. જેમાં ગાંધીનગર એકમના સભ્યોએ પણ હાજરી આપી હતી. આ સંમેલનમાં ગુજરાતભરમાંથી લીયો મલ્ટીપલના સભ્યો તથા લાયન્સ ક્લબના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં લીયો દ્વારા કરાયેલા પ્રસંશનીય કાર્યોને એવોર્ડ દ્વારા સન્માનિત કરાયાં હતા તેમજ તમામ સભ્યોએ ઉડાન ટીમની સંગીત સંધ્યાને માણી હતી. ગાંધીનગર ટીમના લીયો મલ્ટીપલના પીપીઆરઓ સંકેત ગોરે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

### બેંક હડતાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્મચારીઓની હડતાળના કારણે બેંકિંગ સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. હડતાળના કારણે ખાતાધારકોને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ હડતાળ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના બેનર હેઠળ પડી છે. હડતાળ સવારે છ વાગે શરૂ થઈ હતી. આ બેંકોમાં જે લોકોના ખાતા છે તે લોકોને જરૂરી સેવા લેવાની તક મળી ન હતી. આવતીકાલે એટીએમની સેવા પણ ખોરવાઈ જાય તેવી શક્યતા છે. નેટબેંકિંગ, આરટીજીએસ, એનઈએફટી જેવી સેવાઓ ખોરવાઈ ગઈ હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, અલ્હાબાદ બેંક, યુનિયન બેંક, યુકો બેંક સહિત જાહેર અને ખાનગી સેક્ટરની બેંકો પણ જોડાઈ હતી. એટીએમના સિક્યુરિટી ગાર્ડ પણ હડતાળ ઉપર ઉતર્યા હતા. ઈન્ડિયન બેંક એસોસિએશને પગાર વધારાની માંગને ફગાવી દીધી હતી. આની પાછળ ખરાબ આર્થિક સ્થિતિ દર્શાવવામાં આવી હતી.

### એમઓયુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુભવ અને અપેક્ષાઓ તથા જરૂરિયાત મુજબ બનાવ્યું છે. અમે આનાથી પણ એક પગલું આગળ વધીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની દિશામાં આગળ વધ્યા છે. અમારુ ધ્યાન હવે ઈઝ ઓફ લિવિંગ ઉપર કેન્દ્રિત છે. એટલે કે સરળ જીવન ધોરણ જરૂરી છે. અમારી પ્રક્રિયા પારદર્શી અને સંવેદનશીલ છે. અમે ભારતને ન્યુ ઈન્ડિયા બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. ૨૦૨૨ સુધી ન્યુ ઈન્ડિયાના સપનાઓને પૂર્ણ કરવા આગળ વધી રહ્યા છીએ. ૨૦૨૨માં ભારત સ્વતાંત્રતાની ૭૫મી વર્ષગાંઠ મનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા અઢી વર્ષના ગાળામાં નવ હજાર સ્ટાર્ટઅપ શરૂ કરવામાં આવ્યા છે જે ભારતમાં બીજા નંબરમાં ઈકો સિસ્ટમ છે. આ પ્રક્રિયા સરળ બની રહી છે.

### ધુપ્પલબાજી સામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેયરે તેમની પોતાની ૨૮મી મે ની મુલાકાતને ટાંકી જણાવ્યુ છે કે વોર્ડ નં. ૩માં ૧૦ થી ૧૨ દરમ્યાન સે. ૩૦, વોર્ડ નં. ૨ ના સે. ૨૯ તથા વોર્ડ નં. ૧ ના સે. ૨૮ના વિસ્તારમાં ગંભીર ગેરરીતિઓ માલુમ પડી છે. આ બાબતે ઝોનલ ઓફિસરને એજન્સીને નોટીસ આપવા અમોએ જાણ કરી છે.

તેમણે લક્ષ્મી સીક્યોરીટી પાસેથી તાત્કાલિક કામગીરી પરત ખેંચી અને બાકીનું ચુકવણુ સ્થગિત કરવા તેમજ મનપા માટે બ્લેક લીસ્ટ કરવા જણાવ્યુ છે.

મેયરના રાઉન્ડ દરમ્યાન કામદારો પાસે સફાઈના પુરતા સાધનો તેમજ એપ્રન પણ પુરતા પ્રમાણમાં અને સારી કન્ડીશનમાં જણાયા ન હતા. સફાઈ કરેલ વિસ્તારમાં પણ કચરો જણાયો હતો એટલુ જ નહિ પ્રતિબંધિત પ્લાસ્ટિક પણ ઠેર ઠેર જોવા મળ્યુ હતુ. સે. ૨૯ અને સે. ૩૦માં તો કચરાના ઢગલા ઉપાડ્યા સિવાયના જણાયા હતા.

એજન્સી દ્વારા ૬૦ ટકા કામગીરી પણ માંડ થતી હોવાનું તપાસ દરમ્યાન જણાયુ હતુ. આ ઉપરાંત જે ટ્રેક્ટર સફાઈ માટે હતુ તેના ડ્રાયવર પાસે લાયસન્સ પણ ન હતુ તેમજ ટ્રેક્ટરનું પાસિંગ પણ કરાવેલુ નહોતુ.

ગાંધીનગર શહેરની સફાઈના મુદ્દે વારંવાર અખબારી અહેવાલો પ્રસિદ્ધ થયા છે. હવે મેયરે જ જાતે તપાસ કરી અને એજન્સી સામે દંડનીય શિક્ષાત્મક કાર્યવાહી કરવાની કરેલી ભલામણ પછી તંત્ર પણ હરકતમાં આવ્યુ છે.

### પરિણામ જાહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓએ ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. બોર્ડ દ્વારા પરિણામની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓમાં પણ ઉત્તેજના વ્યાપી છે. બોર્ડ દ્વારા સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાણી શકાશે જયારે બાર્ડના પરિક્ષાર્થીઓને વિતરણ કેન્દ્રો પરથી માર્કશીટ પણ આપી દેવાશે. પરિણામ લક્ષી ઈન્તેજારીના અંત બાદ આગામી દિવસોમાં કાલેજેની વિવિધ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે પણ પ્રવેશ કાર્યવાહી ધમધમતી જોવા મળશે.

બીજીતરફ પરિણામની જાહેરાત બાદ ધો -૧૦ અને ૧૨ બાદ શુ કરવુ તે અંગે પણ વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહયા છે.

### પહેલું સુખ...

● ચોથા પાનાનું ચાલું

આપણે ઈશ્વર શરણ લઈએ છીએ. વ્યક્તિ પોતાની આસ્થા મૂજબ ઈશ્વરને ભજે છે.

યોગમાં ઈશ્વરપ્રણિધાન એટલે કર્તાભાવ કે અહમ માંથી મુક્ત થઈને સાક્ષીભાવને અપનાવવો. સાક્ષીભાવ યોગ માટેની અનિવાર્ય શરત છે.

આ પાંચ યમ અને પાંચ નિયમ યોગમાર્ગ માટેની પૂર્વશરતો છે. તેનું પાલન કરવાથી વ્યકિત શારીરિક-માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ તરફ આગળ વધે છે. આપણે પણ આપણી રૂટીન લાઈફમાં યથાશક્તિ આ ગુણોને અપનાવીએ તો વ્યક્તિગત ઉન્નતિ તરફ આગળ વધી જ શકીએ. અષ્ટાંગ યોગના બાકીના સોપાનો આવતા અંકે...

- contact@atharvaayu.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

